वर्ष : ११    सने : २०१८    सं.२०७५
अंक : ८, સળંગ અંક -८१ मागसर डिसेम्बर

**Published on Date 22 every month**

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૮ સં.૨૦૭૪

અંક : ૮ ડિસેમ્બર માગસર/સળંગ અંક-૮૧

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ જો મૃત્યુ ન હોત તો....૨

★ ઈન્દ્રિયો પર વિજય

★ પુનર્જન્મ - પૂર્વજન્મ

★ અનુમોદનાનું અમૃત


## આર્ષવાણી

**आहिंसा-सत्य-मस्तैन्यं,**

**ब्रह्मचर्यं तुरीयकम् ।**

**पंचमो व्यवहारश्वे - त्येते**

**पंच यमाः स्मृताः ।।**

અહિંસા - સત્ય - અચૌર્ય - ચોથું બ્રહ્મચર્ય અને પાંચમો વ્યવહાર (પરિગ્રહ ત્યાગ) આ પાંચ યમ ગણાય છે.

અહિંસા-સત્યવચન, અચૌર્ય, અકલ્પના (નિષ્પરિગ્રહ) બ્રહ્મચર્ય, ક્ષમા, આર્જવ, શૌચ, સંતોષ, ગુરુશુશ્રૂષાઃ આ ૧૦ ને સાંખ્ય મતવાળા યમ તરીકે માને છે.



## ★ જો મૃત્યુ ન હોત તો....૨ ★★★

- શ્રીધર્મમિત્ર

ગયા લેખાંકમાં આ લેખની ભૂમિકા સાથે મૃત્યુ, મૃત્યુનો ડર, મૃત્યુનાં કારણો વગેરેનું નિરીક્ષણ કર્યું હતું. હવે મૃત્યુ ન જ હોય તો જીવો કેવા બેફામ બને તેની વાતો વિચારીએ.

'ભેગું કરવું અને ભોગવવું' આ વિચારોમાં દુનિયાના મોટા ભાગના જીવો પ્રવૃત્તિશીલ છે. અલબત્ત, ભોગવવા કરતાં ભેગું કરવામાં જ એ જીવોનો મોટા ભાગનો સમય જાય છે. જિંદગીનાં ઝાઝાં વર્ષો, વધારે કાળ ભેગું કરવામાં જતો હોવાથી ભોગવવાનો સમય ઓછો મળે છે. મોટેભાગે ભેગું કર્યા પછી ભોગવવાનો સમય આવે તે પૂર્વે જ પરલોકમાં તે જીવ રવાના થઈ જાય છે. એ જ કારણે વધારે દુઃખ સાથે મૃત્યુને ભેટે છે.

બીજી તરફ વિચારીએ તો ભેગું કરવાની મહેનત કરનારા જીવો કરતાં ભોગવનારા વધારે હોય છે. ભેગું કરનારો જે નથી ભોગવતો તેના કરતાં અનેકગણું બીજા જ જીવો ભોગવી જાય છે. પરિવારોમાં નજર નાખો તો કમાનારા - ભેગું કરનારા કેટલા ? સામી બાજું ભોગવનારા - વાપરનારા કેટલા ? આનું સીધું અર્થઘટન તો એ થાય છે કે - ભેગું કરનારો પાપ કરે છે ને ભોગવનારા લહેર કરે છે. અનેક કષ્ટો સહન કરી ઘોર પાપો બાંધી ભેગું કરનારો; એ પાપોના પ્રભાવે ઊંડી દુર્ગતિમાં જાય છે. જ્યારે ભોગવનારા જીવો સીધું પાપ ન કરવા છતાં ભોગવવામાં રાગ, આશક્તિ, સંગ્રહવૃત્તિ વગેરેના કારણે પાપોપાર્જન કરીને દુર્ગતિમાં પટકાય છે. સરવાળે બંને પ્રકારના જીવો દુર્ગતિ ને દુઃખની ગર્તામાં ધકેલાય છે. આવા જીવોનો વિચાર કરવામાં આવે તો મેળવવાના કે ભોગવવાના ભાવ જાગે ત્યારથી જ પાપનો બંધ ચાલુ કરી દે છે ! ક્યારેક ન મળે કે ન ભોગવે તોય પાપની કમાણી તો કરે જ છે.

મોતનો વિચાર ક્યારેક ક્યારેક પાપપ્રવૃત્તિ પર તો ક્યારેક પાપવૃત્તિ પર બ્રેક મારવાનું કામ કરે છે. મોતનો વિચાર જીવને બેફામ બનતાં અટકાવે છે. ડૉક્ટર - વૈદ્ય કદાચ - ક્યારેક અમુક પદાર્થ ન ખાશો... અમુક પ્રવૃત્તિ ન કરશો... નહીંતર રોગ અને મોતને આમંત્રણ મળી જશે. આવું કહે ત્યારે તે તે પ્રવૃત્તિથી જીવ અટકે છે. આ રીતે માત્ર રસના કે સ્પર્શનેન્દ્રિય જ નહીં, પાંચે ઇન્દ્રિયોના વિષયો પર નિયંત્રણ આવે છે. જો મોતની પીડા ન હોત તો આવી વૃત્તિ કે પ્રવૃત્તિ બેફામ જ બની જાય !

સુગર (ડાયાબિટીશ) ના દર્દીને રસનેન્દ્રિય -(જીભ)- ની ડિમાન્ડ હોવા છતાં ગળપણ પર બ્રેક લાગે છે. તેમાં રોગ ને મોત જ જવાબદાર ગણાય ને ? રોગનો ભય પણ રિબાવી રિબાવીને મારી નાંખે છે, જીવનની બાજી સંકેલીને પરલોકમાં ધકેલી દે છે,માટે જ રોગથી જીવો ડરે છે ને ? રાગ જ ખરાબ હોવા છતાં, રાગ જ રોગનું કારણ બનવા છતાં જીવ રોગથી ડરે છે પરંતુ રાગથી ડરતો નથી. જો રાગથી ડરે તો રોગ સહન કરવાનો લગભગ પ્રસંગ ન આવે, કાર્ય-કારણ ભાવને બરાબર ઓળખીને એ ભાવોને સ્થિર કરવા જેવા છે.

મૃત્યુ ન હોય તો કંઈ - કેટલાય દુર્ધ્યાન ઊભાં જ ન થાય. માનવ પાપના દુઃખદ માર્ગેય દોડતો જ રહે. ભર્તૃહરિદ્વારા કહેવાયેલા ભોગે રોગભયં... કુલે ચ્યુતિભયં.. વગેરે વાતો જણાવતો શ્લોક વાગોળે તો તેમાં રોગાદિના ભયથી લઈ મૃત્યુ સુધીના ભયોનો વિચાર આવે જ. ભૌતિક અનુકૂળ - મનગમતા પદાર્થો કે મનગમતી વ્યક્તિ વગેરે પાછળ તે તે વિયોગની પીડા ઊભી જ છે. હા, એ પીડા ક્યારેક પ્રત્યક્ષ તો ક્યારેક પરોક્ષ હોય છે.

નાનો પણ રોગ જીવલેણ સાબિત થઈ શકે છે, માટે જ તો એ રોગને કાઢવા - નાથવા - દબાવવા દવાની જરૂરિયાત ઊભી થઈ. દવાનો વિચાર એ પણ દુર્ધ્યાન જ છે. દવાની જરૂર જ ન પડે તેવી જીવન શૈલી અપનાવવી જોઈએ. ક્યારેક નિકાચિત કર્મના ઉદયે રોગ આવી જાય તો જ્ઞાનના માધ્યમથી, સમજણના સહારે, સ્વાધ્યાયાદિ યોગોની સાધનાના બળથી સમાધિ જાળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમાધિ ન જ ટકે ત્યારે દવા લેવાની મજબૂરીના શિકાર થવું... ત્યાં સુધી નહિ. શરીરનો મમત્વભાવ દવા લેવા માટે પ્રેરણા કરે છે. આધ્યાત્મિકભાવ તો આરાધનારૂપ ભાવ - ઔષધની જ ડિમાન્ડ કરે છે. દ્રવ્ય ઔષધ તમને જીવનમાં બચાવે કે ન પણ બચાવે, જ્યારે ભાવઔષધ તો સમાધિ અપાવતું હોવાથી દુર્ધ્યાન અને દુર્ગતિથી અવશ્ય બચાવે છે !

ખાવા-પીવાની, હરવા - ફરવાની, પહેરવા - પાથરવાની, ધન કમાવવાની, પાંચ ઇન્દ્રિયના વિષયોને ભોગવવાની, આહારાદિ ચાર સંજ્ઞાઓની પ્રવૃત્તિને રોકવામાં, એ પ્રવૃત્તિને ઘટાડવામાં, એ પ્રવૃત્તિના ફળની અનુભૂતિની વિચારણામાં મોત અને ભાવિમાં આવી પડનારાં દુઃખોની હારમાળા પણ જવાબદાર છે. એટલે કે 'મોતનો વિચાર' ઘણી ઘણી જગ્યાએ પાપપ્રવૃત્તિમાં 'બ્રેક'નું કામ કરે છે. વ્યસનના રવાડે ચઢેલો માનવ વ્યસન છોડવા પણ ક્યારે તૈયાર થાય છે ? સામે મોત દેખાય



કે દેખાડાય ત્યારે જ ને ? મૃત્યુ જ નહીં; મૃત્યુના આવવાના 'પગરવ' સંભળાય તોય જીવ ડરી જાય છે. નાની નાની વેદનાઓ સહન કરવાની જીવની તૈયારી નથી તો મૃત્યુની મહાવેદના ક્યાંથી સહન થશે... આ વિચાર ઘણા જીવોને તે તે પાપપ્રવૃત્તિથી, વ્યસનથી અટકાવે છે 'વાર્યો ન અટકે પણ હાર્યો અટકે' આ કહેવત પણ આવા જ પ્રસંગને પામીને પ્રચલિત થઈ હશે, એવું લાગે છે.

કોઈ માનવ પુણ્ય - બુદ્ધિ વગેરેની સહાયથી ધન ખૂબ કમાતો હોય... કરોડો - અબજો રૂપિયાનો માલિક થઈ ગયો હોય... હજી કમાણીનો પ્રવાહ ચાલું જ હોય પરંતુ એવા સમયે 'મૃત્યુના દૂત' જેવો કોઈ 'રાજરોગ' શરીરમાં માથું ઊંચકે તે સમયે એ પૈસા કમાવાના છોડીને સારવાર માટે હોસ્પિટલમાં જશે કે ધનનો સ્રોત જ્યાંથી આવે છે એવી ઓફીસમાં જશે ? ધન કમાવાના કે ભેગું કરવાના વ્યાપારને છોડી ધનના મોટા ખર્ચથી પણ મોતથી બચાતું હોય તો એ માર્ગે જ જાય ને ? હાસ્તો ! તે સમયે એની વિચારણા એવી હોય છે કે - ધનમાં ઘટાડો થાય તો ચાલશે પરંતુ જીવનમાં ઘટાડો ન જ થવો જોઈએ. કારણ, અંતે તો ધન કરતાંય જીવન વધારે વ્હાલું છે. ધનના ઘટાડા કરતાં જીવનનો ઘટાડો વધુ પીડાજનક છે.

શ્રીમંતોની વાત જવા દો. રાંક - ગરીબનેય પૂછવામાં આવે કે 'તારે આ ગરીબીની પીડા વર્ષો સુધી ભોગવવી, વર્ષો સુધી કંઈ - કેટલાંય અપમાન સહન કરવાં... ઘર - દુકાન વગેરે રહિત જીવન પસાર કરવું તેના કરતાં જીવનનો અંત લાવી દેવો સારો..' આવા પ્રશ્નના ઉત્તરમાં તે ક્યારેય 'હા' નહીં બોલે... કારણ... અંતે તો... ક્યારેક કમાણી થશે... ઠેકાણું પડશે... વગેરે વિચારો - આશાઓ એને દુઃખ સહિત જીવવા માટે મજબૂર બનાવે છે, પરંતુ મોતની મહાપીડા માટે એ તૈયાર થતો નથી.

મૃત્યુ જ ન હોત તો કદાચ જીવન જીવવાની ઈચ્છા જ ન રહેત ! દુઃખનો અણગમો છે માટે જ સુખ ગમે છે. જેમને જન્મ નથી તેમને મોતની ચિંતા જ નથી. જીવન જીવવાની અપેક્ષા પણ નથી હોતી. દિવસ જ ન હોય તો રાત્રિનો વિચાર ક્યાંથી આવે ? ગમતી વસ્તુને સાચવવાનો - ટકાવવાનો વિચાર ; અણગમતી ચીજના દ્વેષનો સૂચક છે આ પણ આર્તધ્યાનનો જ પ્રકાર છે, જે તિર્યંચ ગતિના આયુષ્ય બંધનું કારણ છે. જીવન જીવવાનો મોહ; મૃત્યુના ડરને જન્મ આપે છે. મૃત્યુનો ડર નીકળી જાય તો જીવનનો મોહ પણ મરી જાય. ધ

# ઈન્દ્રિયો પર વિજય

- શ્રીધર્મમિત્ર

અનાદિ કાળથી પરિભ્રમણ કરતાં આ સંસાર તરફ તિરસ્કારનો ભાવ જાગ્યો છે? અનંત દુઃખોની હારમાળા ભોગવ્યા પછી પણ ઉદ્વેગ થયો છે? અણગમતાં દુઃખોથી હર્યાભર્યા આ ભવચક્રનો ભય જાગ્યો છે? ચારે ગતિ જ્યારે દુઃખ અને યાતનાઓથી ઘેરાયેલી છે, તોય ત્યાંથી છૂટવાનો ભાવ જાગ્યો? ભવ બદલવાથી કે ગતિ પરિવર્તન કરવાથી દુઃખ ચાલ્યું જાય છે ખરું? સ્થાન ચેન્જ કરવાથી, માત્ર કાર્ય બદલવાથી કે વ્યકિતનો સંપર્ક બદલવાથી દુઃખ ચાલ્યું જાય? ના... જ્યાં જુઓ ત્યાં માત્ર ને માત્ર દુઃખ જ હોય, પીડા-યાતના જ હોય... ક્લેશ-સંક્લેશ જ હોય..રાગ-દ્વેષ-મોહનું સામ્રાજ્ય પથરાયેલું હોય, વિષયો અને સંજ્ઞાઓએ પોતાની જાળ બિછાવી હોય, સ્વાર્થની સુંવાળી(? )જાજમ પાથરેલી હોય, ઈર્ષ્યાની આગ જ્યાં બાળવાનું કામ કરતી હોય.. ત્યાં સુખનું નામ-નિશાન કયાંથી મળે? ટૂંકમાં કહીએ તો સંસાર ભટકાવનારો, ભય પમાડનારો હોય તો ત્યાં સુખની આશા-અપેક્ષા રાખવીએ માત્ર મૂર્ખામી સિવાય કાંઈ જ નથી.

આવો સંસાર જો અકળાવનારો લાગતો હોય તો જ્યાં ભય-પ્રતિકૂળતા-રાગ- દ્વેષ-મોહ-સંજ્ઞાઓ-વિષયો-કષાયો વગેરે ન હોવાથી ક્યારેય અકળામણ જ ન હોય, નથી એવા મોક્ષને પ્રાપ્ત કરવાની તમન્ના મનમાં ઊઠવી જોઈએ. આ તમન્ના ઊઠે તો જે ઈન્દ્રિયોના માધ્યમથી જ, ઈન્દ્રિયોની ગુલામીથી જ, પરાધીનતા કે પરવશતાથી જ દુઃખોના ડુંગર ખડકાય છે. યાતનાઓની શ્રેણિ રચાય છે, તે ઈન્દ્રિયો પર વિજય મેળવવો અનિવાર્ય બને છે. ઈન્દ્રિયો પર વિજય મેળવનારો જ સાચો સમ્રાટ છે. દુનિયા પર રાજ કરનારા ઘણા થઈ ગયા.. વર્તમાનમાંય ઘણા છે. ભવિષ્યમાંય ઘણા થશે..પરંતુ એ ઈન્દ્રિયોના તો ગુલામ જ હોવાના કારણે સાચા અર્થમાં વિજેતા કે સમ્રાટ નથી.

ઈન્દ્રિયોમાં જાગતી વિષયોની તૃષ્ણા જ જીવોને ગુલામ બનાવે છે. દુઃખદાયક વૃક્ષોને -વિકારરૂપ ઝેરી ઝાડોને વધારવાનું કાર્ય તૃષ્ણારૂપી પાણી જ કરે છે. આ તૃષ્ણાથી જ એ વિષવૃક્ષો વધે છે, ફાલે-ફૂલે છે, ઘટાદાર બને છે. આ વિષવૃક્ષ દેખાવમાં અત્યંત સુંદર હોવા છતાં એનો છાંયો, એનાં ફૂલ-ફળ વગેરે બધું જ ઝેરી છે. કિંપાકવૃક્ષનાં ફળ જ જોઈ લો.

ઈન્દ્રિયોને તે તે પોતાના વિષયોથી રોકવી એ ઈન્દ્રિય જય નથી, પરંતુ તે તે



વિષયોનો-પદાર્થોનો, તે તે ઈન્દ્રિયો સાથે સંપર્ક-સંબંધ થયા પછી પણ રાગ-દ્વેષના પરિણામ ન કરવા, ન જાગવા દેવા એ ઈન્દ્રિયજય છે. હા,એ વિષયો રાગ-દ્વેષનાં નિમિત્ત બનતા હોવાથી વિષયો અને ઈન્દ્રિયો વચ્ચે અંતર રાખવું હિતાવહ છે, જેથી ઈન્દ્રિયજય સુકર-સુલભ બને છે. વાસ્તવિકતયા આ કાર્ય કરવાથી ઈન્દ્રિયો પર વિજય મેળવી લીધો એમ તો ન જ કહી શકાય. વિષયો-સાથે ઈન્દ્રિયોનો સંપર્ક થવા છતાં વિવેકના સહયોગ- સહકારથી રાગ-દ્વેષથી આત્માને દૂર રાખવો એ જ સાચા અર્થમાં ઈન્દ્રિય જય છે. આવું મહાપાધ્યાય શ્રીયશોવિજયજી મ. જણાવે છે.

વિજય મેળવવા માટે દુશ્મનોથી દૂર નથી રહેવાનું. શત્રુઓની સામે જઈ રણસંગ્રામમાં તેમને જીતવાના છે. તે જ વિજય છે. એ માટે ત્યાં શસ્ત્રો જરૂરી છે. તો અધ્યાત્મના ક્ષેત્રે વિવેક જરૂરી છે. યોગ્ય સમયે વિવેકને સ્થાન આપવું જ જોઈએ. વિવેક બુદ્ધિ તમને સાચો રાહ બતાવે છે. વિવેક બુદ્ધિ ખોટા રસ્તેથી બચાવે છે. વિવેકબુદ્ધિનું કાર્ય છેઃ હિત-અહિતનું પૃથક્કરણ કરવાનું. જ્ઞાન હોય પરંતુ જો વિવેક ન હોય તો એ લાભકર્તા ન થઈ શકે. વિવેકના પાયામાં જ્ઞાન જરૂરી છે. જ્ઞાનના પાયા પર વિવેકની ઈમારત ઊભી કરવાની હોય છે. જ્ઞાન વગર વિવેક ન જ આવે ને ?

ઈન્દ્રિયો હજારો નદીઓથી પણ તૃપ્તિ ન પામે એવો મહાસાગર છે. જેમ હજારો નદીઓ રોજ કેટ-કેટલું પાણી દરિયામાં ઠાલવે છે તોય મહાસાગર છલકાતો નથી, તૃપ્તિ પામતો નથી. તે જ રીતે ઈન્દ્રિયોને ગમે તેટલા વિષયો-પદાર્થો આપો, ગમે તેટલી સામગ્રી પૂરી પાડો એને તૃપ્તિ ન જ થાય. અગ્નિને ગમે તેટલાં લાકડાં આપો..ગમે તેટલું પેટ્રોલ-ગેસ આપો..ક્યારેય તૃપ્તિ ન જ થાય.

એક ઈન્દ્રિયવાળા જીવથી લઈ પાંચ ઈન્દ્રિયવાળા જીવો પર નજર નાખો..ભૂખ છીપતી જ નથી. અલબત્ત, જેમ જેમ ઈન્દ્રિયોની દૃષ્ટિએ વિકાસ વધારે તેમ તેમ ભૂખ વધે છે. તે તે ઈન્દ્રિયો પોત-પોતાની વિષયોની ગવેષણામાં જ રાત-દિવસ લાગેલી હોય છે. જેમ જેમ વિષયોની પ્રાપ્તિ થાય છ, તેમ તેમ ભૂખ વધે છે. હા, જૈન તત્ત્વજ્ઞાનનો જાણકાર સમ્યગ્દૃષ્ટિ જીવ આમાંથી બચી શકે છે.કારણ, તે આત્માએ ઈન્દ્રિયોના ધુતારા સ્વભાવને સારી રીતે ઓળખી લીધો હોય છે. ઈન્દ્રિયોને ધુતારી, ઠગારી, ચોર વગેરેની ઉપમા શાસ્ત્રોમાં આપી છે, તે તેને ખ્યાલમાં હોય છે. જ્ઞાનથી ભાવિત આત્મા વિષયો-કષાયો-સંજ્ઞાઓ વગેરેથી તથા તેના નિમિત્તોથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. નિમિત્તો મળી જ જાય તો તેને નિષ્ફળ બનાવવાનો કે તેમાં થતા રાગ-દ્વેષથી બચવાનો પ્રયત્ન કરે છે.

ઈન્દ્રિયો મોહરાજાના કિંકર છે, સેવિકાઓ છે. એ સેવક હોવા છતાં સેવા ઓછી કરે છે ને મેવા પોતે વધારે ખાઈ જાય છે. જીવને ઓછું મળે છે અને ઈન્દ્રિયો જ ઉજાણી કરે છે, મોજ-મજા કરે છે. એનાથી થયેલા રાગ-દ્વેષથી બંધાયેલા ગાઢ-ચીંકણાં-નિકાચિત કર્મો ભોગવવાની સજા આત્માના ભાગે આવે છે. જડ એવી ઈન્દ્રિયો જડ એવા વિષયોથી આત્માને (જીવને)બાંધે છે, પીડાનું દાન કરે છે. એ સમયે બુદ્ધિશાળી ગણાતો આત્મા જ ઠગાય છે. મોહરાજાની વિશ્વસનીય દાસીઓ ગણાતી ઈન્દ્રિયો એવી તો વ્યૂહાત્મક રીતે યોજના બનાવે છે કે તેમાં ઘણીવાર તો સંયમીઓ પણ ફસાઈ જાય છે. સંયમીઓ જો આવા તાંતણા જેવાં બંધનોમાં બંધાતા હોય તો સંસારીઓ, મોહાધીન જીવોની તો દશા કેવી થાય ? મોહે બિછાવેલી જાળમાં ભલ-ભલા પંડિતોય જકડાઈ જાય છે, પકડાઈ જાય છે, ફસાઈ જાય છે.

ઈન્દ્રિયોને દોડાવનાર મોહરાજા છે. માનવને દોડાવનાર ઈન્દ્રિયો (અને મન)છે. ઈન્દ્રિયો પોત-પોતાના વિષયોમાં મોહિત થાય છે. જીવ ઈન્દ્રિયોનો ગુલામ બને છે. આ ઈન્દ્રિયોને પર્વતની માટીમાંય ધન દેખાય છે. તેના કારણે ઈન્દ્રિયોનો ગુલામ બનેલો જીવ તે ધન લેવા દોડે છે. મતલબ, દૂર રહેલું ધન ઈન્દ્રિયોના માધ્યમથી જણાય છે. સામે પક્ષે ભીતરમાં જ રહેલું પોતાની માલિકીનું અને આત્મધન તેને નજરમાં આવતું નથી. બહારના ધનાદિનાં સુખમાં તો ઘણાં દુઃખો, ઘણી પ્રતિકૂળતા, ઘણા ક્લેશ-સંક્લેશ રહેલાં છે. સુખની પાછળ રહેલાં દુઃખને ઈન્દ્રિયો જોતી નથી. ઈન્દ્રિયો પુદ્‌ગલની બનેલી છે. માટે એવું લાગે છે કે તેના જ્ઞાતિજનો રૂપ પુદ્‌ગલમાંથી મળતાં સુખો જ તેને વ્હાલાં લાગતાં હશે. આત્મા માટે એ જ પુદ્‌ગલો પરજન જેવાં છે. પરાધીન પણ છે. દુઃખરૂપ છે. વિવિધ રંગોની માયા જાળ રચીને તે જીવને ફસાવે છે. વિવિધ રસોદ્વારા એ જીવને લલચાવે છે. વિવિધ ગંધ(સુગંધ)દ્વારા ઘ્રાણેન્દ્રિયના મનગમતા વિષયો બતાવીને -સુંઘાડીને આત્માને આકર્ષે છે. જુદા જુદા સ્પર્શનાં માધ્યમથી ચામડીને સુંવાળા સ્પર્શ પૂરા પાડી ક્લિષ્ટ કર્મોપાર્જન કરાવે છે. ભિન્ન ભિન્ન આકારોની રચનાવડે ચેતનના ચૈતન્યને ઘાત પહોંચાડે છે મોહની મદિરા પીવડાવીને કે જાદુગરના ખેલ બતાવીને તો કયારેક હિપ્નોટાઈઝ કરીને ભાન ભૂલાવે છે.

એ જ કારણે ઈન્દ્રિયો તૃષ્ણાતુર બને છે. આ વિષયતૃષ્ણા આગળ વધતાં વધતાં પોતાનું એવું મોહક આધિપત્ય જીવ-ઉપર જમાવીને ફસાવે છે કે આ જીવ એ વિષયો તરફ ઝાંઝવાનાં નીરની જેમ દોડે છે. જ્ઞાનામૃતનો મધુર રસાસ્વાદ માણવા એ તૈયાર થતો નથી. ઝાંઝવાનાં નીર માટે બિચારાં ગણાતાં, ભોળાં હરણિયાં



ફસાય એ તો ઠીક છે પરંતુ બુદ્ધિશાળી ગણાતા, જ્ઞાની ભગવંતો કે વિચારકોય ફસાય ત્યારે આશ્ચર્ય ઊપજે છે. એક એક ઈન્દ્રિયોના વશવર્તીપણાથી જો પતંગિયું, ભમરો, માછલું, હાથી અને હરણ દુર્દશાને પામતાં હોય તો પાંચે ઈન્દ્રિયોને પરાધીન-વશ બનેલાં જીવોની તો કેવી દશા થાય? ઈન્દ્રિયો જેમ જેમ વધારે મળે તેમ તેમ જીવનો વિકાસ થયો ગણાય પરંતુ એ વિકાસ ઈન્દ્રિયોના ગુલામ આત્માના વિનાશ માટે થાય છે. કારણ, જે ઈન્દ્રિયોથી આત્માએ સાધના કરવાની હતી તે જ ઈન્દ્રિયોનાં માધ્યમથી વિરાધના તરફ દોડી રહ્યો છે.

ઈન્દ્રિયો કેવી છે? જવાબમાં શાસ્ત્રકાર મહર્ષિ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મ. જણાવે છે કે-વિવેકરૂપ હાથીને હણવા માટે સિંહ જેવી છે. સમાધિરૂપ ધનને ચોરવામાં તસ્કર(ચોર)સમાન છે. મતલબ, આત્મધનને લૂંટવામાં, આત્મગુણોનો વિનાશ કરવામાં માહેર છે. જડ હોવા છતાં જીવને લૂંટે છે, જીવને દેવાળિયો બનાવે છે. ઈન્દ્રિયોને દૂર તો કરી શકાય એમ નથી. તેની સાથે છેડો ફાડી શકાય એમ નથી. સવાલ એ ઊભો થાય છે કે અનંતશક્તિના માલિક એવા જીવનો જડ ગણાતી ઈન્દ્રિયો પર વિજય કે જડ-ઈન્દ્રિયોનો જીવ પર વિજય? ઈન્દ્રિયોના હુમલા થાય ત્યારે જ્ઞાન અને વિવેકના શસ્ત્રોનો વ્યૂહ પૂર્વક ઉપયોગ કરી જીવની દુશ્મન ગણાતી (અવસરે સહાય પણ એ જ કરે છે.)ઈન્દ્રિયો પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરીએ; એ જ મંગલકામના. **મુખ્ય : ઈન્દ્રિયજય-અષ્ટક** ધ

## ★ પુનર્જનમ - પૂર્વજન્મ ★★★

**- સંકલન**

જગતમાં ઘણા જીવો એવા છે કે - જેમના માથામાં 'જન્મ - જીવન - મૃત્યુ' ની ઘટમાળમાં 'કર્મ' જવાબદાર છે' આ વાત નથી બેસતી. આગળ વધીને એ કર્મ પ્રમાણે જન્મ - પુનર્જન્મ થાય છે; આવી વાત પણ તેઓ સ્વીકારવા તૈયાર નથી. જૈનધર્મઃ પૂર્ણધર્મ... જૈનધર્મઃ પૂર્ણ વિજ્ઞાન જેવાં અનેક વિશેષણોથી નવાજી શકાય એવા ધર્મ પર ઘણાને શ્રદ્ધા નથી. એવા જીવોને કર્મનાં સિદ્ધાંતો, પુનર્જન્મનાં સિદ્ધાંતો માથામાં ઊતરે, શ્રદ્ધાનો જન્મ થાય ; એવા બનેલા કિસ્સાઓ આ લેખમાળામાં અપાશે. આજથી લગભગ ૮૪ વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલી 'પુનર્જન્મ' નામની પુસ્તિકા મસૂર - જૈન સંઘના જ્ઞાનભંડારમાંથી હાથ લાગી. આ પુસ્તિકાનું સંકલન સંપાદક મુનિવરશ્રી જયપદ્મવિજયજી મહારાજે કરેલ છે.

વર્તમાન કાળે ખૂબ ઉપયોગી હોવાથી એ વિભાગને હપ્તે હપ્તે 'ધર્મદૂત' ના વાચકો સામે મૂકાશે. સેંકડો વર્ષો પૂર્વે થયેલા અકબર બાદશાહનોય પૂર્વભવ નોંધાયો છે. એની પણ નોંધ આજે મળે છે. ડૉ. સ્મિથના હાથે લખાયેલી એ હકીકત આજે ઉપયોગી બને છે. અહીં અપાતા પ્રસંગો સિવાય કોઈના ધ્યાનમાં આવા પ્રસંગો હોય તો મોકલવા - જણાવવા ભલામણ છે. ઘણા વર્તમાનપત્રોમાં આવા કિસ્સા આવતા હોય છે. આની સામે કોઈ 'ચેલેન્જ' કરી શકાતી નથી. કારણ, આ કિસ્સા પ્રેકટીકલ બનેલા છે. હજી સ્પષ્ટ બોલતાંય ન આવડતું હોય એવી વ્યક્તિ જયારે ૫૦-૬૦ કે ૭૦-૮૦ વર્ષની અનુભવી અને પિતા કે દાદાની ઉંમરે હોય તેવી વાત કરે ત્યારે આશ્ચર્ય ઊપજે; એમાં નવાઈ નથી. આ સત્ય ઘટના અને પૂનર્જન્મ અને પૂર્વજન્મની શ્રદ્ધાને ઉજાગર કરશે; એવો વિશ્વાસ છે. વાચકોને પોતાનો અભિપ્રાય મોકલવા પણ ભલામણ છે. **- સંપાદક**

**(૧) "૪ વર્ષનો સુનીલ' કહે છે.**

બરેલીના કાયસ્થ સજ્જન શ્રી છધમીલાલ સકસેનાને ત્યાં; પુત્ર સુનીલ ૪ વર્ષ સુધી બોલતાં ન શીખ્યો, એટલે તેનાં માતાપિતા તેને બહેરો અને મૂંગો સમજવા લાગ્યા.

એક વખત પિતાએ બાળકને ધમકાવીને કોઈ કામ ચીંધ્યું, તો ઉત્તરમાં બાળકે કહ્યું :- 'મારા નોકરને બોલાવો. હું કામ નહીં કરું !'

બાળકને બોલતો સાંભળી તેના માતપિતા પ્રસન્ન તો થયા પણ સાથે આશ્ચર્યચકિત થયા. કારણ, ઘરમાં એક પણ નોકર ન હતો. છતાં બાળક નોકરની વાત કહે છે, તે સમજાયું નહીં.

બાળકને ભણવા માટે તેઓ નિશાળે લઈ ગયા, તો બાળકે કહ્યું કે, હું મારી પોતાની શાળામાં ભણીશ

પિતાએ ગુસ્સામાં પૂછ્યું, તારા બાપની નિશાળ ક્યાં છે? હું તો ગરીબ છું અને સાધારણ નોકરી કરું છું.

ઉત્તરમાં બાળકે કહ્યું કે, મારી પોતાની નિશાળ બદાયુમાં છે ! હું સુનીલ નથી પણ બદાયુના જાણીતા ધનવાન શેઠ શ્રી કૃષ્ણગોપાલ છું.! મારી બે નિશાળો અને શ્રી કૃષ્ણ ઈન્ટર કોલેજ છે, ત્યાં પ્રિન્સીપાલ ડૉ. પાઠક છે !



વાત સાંભળી પિતા આશ્ચર્ય પામ્યા અને પડોશીઓને બોલાવ્યા, પછી ગામના અધિકારીઓને બોલાવ્યા. તેમની આગળ (સમક્ષ) બાળકે તમામ વાતો ફરી કહેતાં, બે ત્રણ નિષ્ણાતો સાથે બાળકને બદાયુ લઈ જવામાં આવ્યો.

બાળક ત્યાંની કોલેજમાં એકદમ ઘૂસી ગયો અને પ્રિન્સીપાલની ખુરસી પર શ્રી પાઠકને બદલે બીજાને જોઈને હેબતાઈ ગયો. બાળકે આ પ્રિન્સીપાલ નથી, એવી બૂમાબૂમ કરી મૂકી. બાળકના પિતાએ આ નવા પ્રિન્સીપાલને પૂછયું કે, શ્રી પાઠક ક્યાં છે? ત્યારે નવા પ્રિન્સીપાલે કહ્યું કે, હું તો બે વર્ષથી અહીં નિયુક્ત થયો છું, પહેલાં પ્રિન્સીપાલ શ્રી પાઠક હતા. તેમણે આ કોલેજમાં ૩૧ વર્ષ સુધી કામ કર્યું હતું. આ કોલેજના સંસ્થાપક શેઠ શ્રી કૃષ્ણગોપાલ જુવાનીમાં જ હાર્ટફેઈલથી મૃત્યુ પામ્યા હતા. તે સંતાનહીન હોવાથી શેઠાણીએ એક છોકરો દત્તક લીધો છે, જે બધો વહીવટ સંભાળે છે.

બાળકને પહેલાંના પ્રિન્સિપાલના ઘેર લઈ જવામાં આવ્યો, બાળક પ્રિન્સિપાલને વળગી પડ્યો અને કોલેજની વ્યવસ્થા અને ફેરબદલીની બાબતમાં કેટલીક મહત્ત્વ પૂર્ણ ચર્ચા કરી. બાળકના મોંઢે તમામ વાતો સાંભળીને લોકો દંગ થઈ ગયા.

પછી બાળકને તેની પૂર્વજન્મની પત્ની પાસે લઈ જવામાં આવ્યો. ત્યાં બાળકે પત્ની, સગાઓ અને નોકરોને ઓળખી કાઢ્યા ! બે વર્ષ પહેલાં મૃત્યુ પામેલા ડ્રાઈવર વફાતની બાબતમાં ઝીંણી પૂછપરછ કરી !

બાળક હવે બદાયુમાં જ રહેવાની ઈચ્છા જાહેર કરતાં તેના માતાપિતા બદાયુ રહેવા જવાની તૈયારી કરી રહ્યા છે, જ્યારે શેઠાણીએ જેને દત્તક લીધો છે, તે છોકરો આ બાળકની ભારે ઈર્ષા કરતો હોવાથી તેને આ ઘરથી દૂર રાખવાના પ્રયાસ થઈ રહ્યા છે. પણ બધાને વિશ્વાસ બેસી ગયો કે, આ બાળક શેઠ શ્રી કૃષ્ણગોપાલ જ છે ! (જનશક્તિ. ૯-૨-૬૪)

**(૨) '૩ વર્ષનો ગીરીશ કહે છે'**

**સીકરઃ**- અહીંના શીવનંદન સહાયનને ત્યાં ગીરીશ નામનો ૩ વર્ષનો બાળક પૂર્વજન્મનો અહેવાલ આપે છે. તપાસ કરતાં એ બાળકની તમામ વાતો સાચી નીકળી છે.

આ બાળક કહે છે, 'હું એક ધનવાન મારવાડી કડીલાલજીનો પુત્ર હતો. પૈસા પડાવવા માટે ડાકુઓએ મારું હરણ કર્યું હતું અને છૂટકારા માટે રૂ.૫૦ હજારની માગણી કરી પણ માતાપિતાએ વખતસર નાણાંની રકમ પહોંચાડી ન શકતાં, ડાકુઓએ મને મારી નાખ્યો હતો.'

એ પછી હું શીવનંદન સહાયનના ઘરમાં જન્મ્યો હતો. પછી બાળકના માતપિતા તેના પૂર્વજન્મના ઘેર ગયા હતા. આ બાળકનો પૂર્વજન્મનો બાપ બાળકની હત્યાના કારણે મૃત્યુ પામ્યો હતો. બાળકની માતા જીવે છે.

માતાને જોઈને બાળક માતા માતા કરતો બાઝી પડ્યો હતો. ઘરની તમામ નાની-મોટી બાબતો વિષે પૂછપરછ કરી હતી. તે જોઈને તમામ લોકો દંગ થઈ ગયા હતા ! આ બાળકની 'સૂરત' પણ ડાકુઓએ અપહરણ કરીને મારી નાખેલા બાળક જેવી જ છે!

પૂર્વજન્મની માતા પાસે બાળક પ્રેમથી ગયો હતો. પણ રાતે પાછો પોતાના આ જન્મના પિતા પાસે આવી ગયો હતો. બાળકના પૂર્વજન્મની વધારે તપાસ થઈ રહી છે.(જનશક્તિ ૨૨-૧૨-૬૩)

**(૩) ૪॥ વર્ષની જ્ઞાનતલિકા કહે છે !**

સિલોનના કોટમોલના હડુનાવા નામના એક ગામડામાં રહેતા બી.ડી.બી. અપુહમી અને દિંગીરી અમ્મા નામનાં પિતામાતાની સાડાચાર વર્ષની પુત્રી જ્ઞાનતલિકાએ જણાવ્યું કે, 'પૂર્વજન્મમાં તે તુરીન તિલેકર્તને નામનો એક છોકરો હતો. ૧૯૫૪ના નવેમ્બરની ૯ મી તારીખે ૧૩ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો હતો. તે પછી ૧૪ માસ બાદ તેનો પુનર્જન્મ જ્ઞાનતલિકા તરીકે થયો હતો. તેણે વાત કરવાની શરૂઆત કરી ત્યારથી જ જાણે તેણીને તેના પૂર્વજન્મની કેટલીક યાદદાસ્તો હોય તેમ જણાવ્યું. પોતાનું ઘર, કુટુંબ, સંબંધીઓ, મિત્રો વગેરેનું સ્પષ્ટીકરણ કર્યું ! જે સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા. તે શોધખોળ કર્યા બાદ સાચી નીકળી. પોતાના પહેલાનાં માતાપિતા, ભાઈઓ, બહેનો અને શિક્ષકોમાંથી કેટલાકને ઓળખી કાઢ્યા. ! કેટલાક બનાવોની વાત કરી હતી, કે જે ખરેખર જ બન્યા હતા.

સંપૂર્ણ તપાસ કર્યા બાદ ન્યાયાધીશોએ કબૂલ કર્યું કે તે છોકરી તેના પૂર્વજન્મમાં તુરીન છોકરા તરીકે હતી. રેડીઓ સિલોને એક કલાક સુધી છોકરીની શોધખોળમાં બનેલી બીનાઓનું વર્ણન, પ્રશ્નોત્તરો ટેપરેકોર્ડથી કર્યા હતા !



**(૪) ચન્દ્રશેખરનો ૪ વર્ષનો પુત્ર કહે છે !**

કાનપુરના જાહી મહોલ્લામાં રહેતા પંડિત ચન્દ્રશેખરના ચાર વર્ષના પુત્રમાં દૈવી તેજ હોવાની વાતો આખા કાનપુરમાં ફેલાઈ છે. આ બાળક આટલી ઠંડીમાં ફક્ત એક લંગોટ બાંધી નીચે ધરતી અને ઉપર આકાશ એવી હાલતમાં સૂવે છે ! તેનો રંગ ગૌરવર્ણ હોવા સાથે તે ખૂબ જ તેજસ્વી લાગે છે. તે આહારમાં આઠ દિવસ ફક્ત પાણી અને દૂધ, જ્યારે એક દિવસ ફળ ગ્રહણ કરે છે. આખો દિવસ તે સમાધિમાં હોય, એમ લાગે છે !

તે પોતાના પૂર્વજન્મની અનેક વાતો કહે છે. પૂર્વજન્મમાં તે કોણ હતો અને તેણે શું શું પાપ કર્યાં તથા પુણ્યનાં કામો કર્યાં તે બતાવે છે ! તેની વાતોની તપાસ કરતાં બધી સાચી નીકળી હતી. !

**(૫) ૩ વર્ષનો ધનેશ શું કહે છે ?**

**દિલ્હી :** બાદલી ગામના શ્રી પુરુષોત્તમ મિશ્રનો ધનેશ નામનો ત્રણ વર્ષનો પુત્ર છે. તેણે પોતાનાં માતા પિતાને કહ્યું કે, ''પૂર્વજન્મમાં હું જાતે વાણિયો હતો અને ભીંડના ધનવાન શ્રી પ્રભુદાસ વૈશ્યનો એક માત્ર પુત્ર હતો. જ્યારે હું સાત વર્ષનો હતો ત્યારે મને એક ડાકુની ટોળી ઉપાડી ગઈ હતી અને મારા છૂટકારા માટે રૂપિયા ૫૦ હજારની માગણી કરવામાં આવી હતી. મારા પિતા રકમ આપવા તૈયાર હતા પણ મારી સાવકી માતાના હઠના કારણે તેઓ રકમ આપી શકતા ન હતા. હું ડાકુઓના ત્રાસથી ખૂબ કંટાળી ગયો હોવાથી એક રાતે નાસી જવાનો મેં પ્રયાસ કર્યો પણ દુર્ભાગ્યના કારણે હું પકડાઈ ગયો અને મને ઠાર કરવામાં આવ્યો હતો. ત્યાર પછી મારો અહીં જન્મ થયો.''

આ બાળકના પિતા પુરુષોત્તમ મિશ્ર એને ભીંડ લઈ ગયા. ત્યાં તપાસ કરતાં બાળકે કહેલી તમામ વાતો સાચી નીકળી પણ બાળકના પૂર્વજન્મનાં માતા-પિતાનો કોઈ પત્તો લાગ્યો નથી, કેમ કે તે સ્થાને નવી વસ્તી આવી છે, ઘણા લોકો કહે છે કે ડાકુઓના ત્રાસથી તેઓ ગામ છોડી ગયા, ત્યારથી તેમની બાબતમાં કોઈને ખબર મળી નથી પણ ગામ અને અપહરણની વાત તથા બાળકે જે નામો કહ્યાં છે તે બધાં સાચાં છે. શ્રી મિશ્ર બાળકના કારણે પરેશાન છે, કેમ કે બાળક પૂર્વજન્મના માતાપિતાને મળવાની હઠ કરી રહ્યો છે.!!!

ધ

- સંકલન

પૂના - ટીંબરમાર્કેટ, મનમોહન પાર્શ્વનાથ જૈન સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં શ્રીભગવતી સૂત્ર પરનાં, કેટલાક પ્રશ્નોત્તરના માધ્યમથી પ્રવચનો થયાં. એમાં ઘણા અજાણ્યા વિષયો પર પૂજ્યશ્રીએ એ પ્રશ્નોત્તર રૂપે પ્રકાશ પાથર્યો. તેમાંય જમાલિના અધિકારે (શતક-૯, ઉદ્દેશો-૩૩) વિશેષ આકર્ષણ જમાવ્યું. માતા-પિતા સાથે થયેલો જમાલિનો સંવાદ, જમાલિએ કરેલી ધારદાર દલીલો, ૮ સ્ત્રીઓનો ત્યાગ કરવા પૂર્વક ઉજવાયેલો વિશિષ્ટ દીક્ષોત્સવ વગેરેનું રોમાંચક વર્ણન હૃદયવેધી સાબિત થયું.

તે પછી સુષઢ ચરિત્ર પૂરું કરવાથી ભાવનાથી રોજ એ જ ચરિત્રના માધ્યમથી પ્રવચનો ચાલુ રહ્યાં.

જ્ઞાનપંચમીના દિવસે (તા.૧૨-૧૧-૧૮ સોમવાર) અનેક વિનંતિઓમાંથી સંઘવી કુસુમબેન મણિલાલ સંઘવીની ચાતુર્માસ પરિવર્તનની વિનંતિ પૂજ્યશ્રીએ સ્વીકારી. જ્ઞાનપંચમીના મહિમા પર બોધક - રોચક પ્રવચન થયું.

પાઠશાળા - જ્ઞાનભંડાર પર વિશેષ ભાર મૂકાયો, જ્ઞાનભંડાર વ્યવસ્થિત ન થાય ત્યાં સુધી કેટલાક ટ્રસ્ટીઓએ તથા શ્રાવકોએ ઘી - મીઠાઈ વગેરેનો ત્યાગ કર્યો, સમૂહમાં જ જ્ઞાનપંચમીનાં દેવવંદન થયાં.

એમાં વચ્ચે ચોમાસી ચૌદસ આવી. તેની સુંદર આરાધના થઈ. કા.સુદ ૧૫ તા.૨૩-૧૧-૧૮ શુક્રવારે સવારે નાજુશ્રી સમાજભવનમાં જ ૬.૩૦ કલાકે સિદ્ધાચલ પટ જુહારવાનું કાર્ય સંપન્ન થયું. ત્યારબાદ તરત જ પરિવર્તન યાત્રાનો પ્રારંભ થયો. ઠેર ઠેર ગહુંલીઓ થઈ. સવારે ૮-૧૦ કલાકે લાભાર્થી પરિવાર કુસુમબેન મણિલાલ સંઘવીના ગૃહાંગણે પૂજ્યશ્રી સંઘસહિત પધાર્યા. ત્યાં વિશિષ્ટ ગહુંલીઓ વગેરે તથા કુંભના મંગલ સાથે પ્રવેશ થયો. વિશિષ્ટ પ્રવચન થયું. પૂર્ણિમા અને પરિવર્તન વિષય પર સુંદર પ્રકાશ પૂજ્યશ્રીએ પાથર્યો.

કા.વ.૩ તા.૨૫-૧૧-૧૮ રવિવારે વિહારનું મુહૂર્ત કરવા માટે વિનંતિપૂર્વક પૂજ્યશ્રી કલ્યાણ સોસાયટી પધાર્યા. વાજતે ગાજતે સામૈયા સાથે ત્યાં પધાર્યા.



સોસાયટીના લગભગ તમામ સભ્યો હાજર હતા. નવા જ વ્યાખ્યાનહૉલમાં માંગલિક સંભાળાવ્યું. ત્યારબાદ ૯-૩૦ કલાકે પ્રવચન થયું. પ્રવચનમાં પણ હાજરી નોંધપાત્ર હતી, હૉલની બહાર ઘણા ભાવિકોને બેસવું પડ્યું હતું !

કા. વ. ૪ ના પરત ટિંબર માર્કેટ પધાર્યા. પ્રવચનો ચાલું હતાં. સુષઢ ચરિત્રગ્રંથ ચાલુ હોવાથી સંઘના તથા શ્રોતાઓના આગ્રહથી રહેવાનું થયું. કા.વ.૧૦ ના દિવસે એ ગ્રંથના આધારે ચાલતાં પ્રવચનો પૂર્ણ થયાં.

કા.વ.૧૧ તા.૩-૧૨-૨૦૧૮ સોમવારે; અહીંના આરાધક પરિવારનાં મા, બે દીકરા અને એક પુત્રવધૂ: એમ ચાર ભાગ્યશાળીઓને ચાલતા વર્ષીતપ નિમિત્તે પૂનામાં સામુહિક થતા ૧૦૮ વર્ષીતપના આરાધકોનાં સવારનાં બિયાસણાં આ પરિવાર તરફથી કરાવાયાં. રાજાશાહી ઠાઠ અને રજવાડી આઈટમો દ્વારા બિયાસણાં કરવાયાં. અનેક મીઠાઈઓ, અનેક ફરસાણ અનેક ફ્રુટ્સ, ડ્રાયફ્રુટ્સ - મેવા, જ્યુસ વગેરે ઉત્તમ દ્રવ્યોથી તપસ્વીઓની સુંદર ભક્તિ કરી. લાભાર્થી પરિવાર તથા તેમના સગા-સ્નેહીઓ તરફથી મળી લગભગ ૨૫૦રૂ. ઉપરાંત પ્રભાવના થઈ. તપસ્વીઓને બેસવા માટે ગાદી - તકિયા વગેરે સજાવટ સાથે ગોઠવણી થઈ હતી. ઘણી આઈટમો (વાનગીઓ) થી ખૂબ જ ઉદારતા સાથે ઇંદુબેન ભંડારી પરિવારે ભક્તિ કરી હતી.

સાંજે શ્રીમનમોહનપાર્શ્વનાથ જિનાલયે ભવ્ય મહાપૂજા કરી હતી. સાથે સંધ્યાભક્તિ ગોઠવવામાં આવી હતી. પૂ. આચાર્ય ભગવંત, પં.પૂ. શ્રી હિતરત્ન વિ.મ. આદિ ચતુર્વિધ સંઘ સાથે વાજતે - ગાજતે સૌ જિનાલય પધાર્યા હતા. ત્યાં સમૂહ ચૈત્યવંદન વગેરે દ્વારા ભક્તિ થયા બાદ, બધાની માગણીને ધ્યાનમાં લઈ પૂજ્યપાદ આચાર્ય ભગવંતે સંવેદના કરાવી હતી. નિરવ શાંતિ વચ્ચે બુલંદસ્વરે થયેલી સંવેદનામાં સૌ તરબોળ થઈ ગયા હતા. ભગવાન સાથે જીવંત વાર્તાલાપ થતો હોય તેવો સહુને અનુભવ થયો હતો. તે સમયે માત્ર આત્મા અને પરમાત્માના અનુસંધાનમાં જ તમામ ભાવિકો ખોવાઈ ગયા હતા. પૂજ્યશ્રી પણ કોઈ જ પૂર્વતૈયારી વગર સંવેદના કરાવતા હોય છે. તેઓશ્રીના દિલમાંથી સહજ છતાં સુંદર શબ્દો નીકળતા હોય છે.

રાજેન્દ્રભાઈની સુપુત્રી કુ. સ્નેહાની દીક્ષા નિમિત્તે થનારા મહોત્સવમાં સાગ્રહ

વિનંતિ હોવાથી કા.વ.૧૪ તા.૬-૧૨-૧૮ થી મા.સુ. ૧ તા.૮-૧૨-૧૮ એમ ત્રણ દિવસના મહોત્સવમાટે કા.વ.૧૪ ગુરુવારે પૂજ્ય આચાર્ય ભગવંત, પંન્યાસજી મ. વગેરે શ્રમણ -શ્રમણી ભગવંતો એકબોટે કોલોની પધાર્યા હતા. સામૈયા બાદ પૂ.પંન્યાસજી મ. તથા પૂ. આચાર્યભગવંતનાં પ્રવચનો થયાં. ત્યારબાદ ૧૦-૦૦ કલાકે કુલસ્થાપનાદિ પર વાસક્ષેપ કરી નવગ્રહાદિ પાટલા પૂજનમાં નિશ્રાપ્રદાન કરી. કા.વ.૦'' શુક્રવારે સવારે ૯-૩૦ કલાકે પ્રવચન થયા બાદ, વિજયમુહૂર્તે લઘુ શાંતિ - સ્નાત્ર જિનાલયમાં ભણાવાયું. આજ કાલ પૂજા - પૂજનોમાં ચાલતી અવિધિ તરફ પૂજ્યશ્રીએ વિધિકારનું ધ્યાન દોર્યું હતું.

માગસર સુદ ૧ તા.૮-૧૨-૧૮ શનિવારે સવારે ૭-૦૦ થી ૭-૪૫ પ્રવચન થયા બાદ ૧૦ કલાકે દીક્ષાર્થીના નિવાસ સ્થાનેથી વર્ષીદાનના વરઘોડાનો પ્રારંભ થયો હતો. લગભગ ચાર કિ.મીટર રાજમાર્ગો પર ફરીને દાદાવાડી ઊતર્યો હતો. ત્યાં અહિંસા ભવનમાં 'માતૃ-પિતૃવંદના' નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રસંગાનુરૂપ પૂ.પંન્યાસજી મ.નું તથા પૂ. આચાર્ય ભગવંતનું : એમ બંનેનાં પ્રવચનો થયાં. સાધર્મિકભક્તિ વગેરે થયેલ. (આ દીક્ષા પૂ. વર્ધમાનતપોનિધિ આ.ભ.શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં મુંબઈ ભૂલેશ્વર - લાલબાગના ઉપાશ્રયમાં થશે.)

ત્યાંથી સાંજે પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી સુજયગાર્ડન (મુકુંદનગર) માં સુશ્રાવક મુકેશભાઈ મંડારવાળાને ત્યાં પધાર્યા. ચાતુર્માસ પરિવર્તન માટે આ પરિવારની પણ વિનંતિ હતી. તેમને ત્યાં ગૃહ જિનાલય છે. બીજે દિવસે સવારે ડી.એસ.કે. ચન્દ્રદીપ સામૈયા સાથે પધાર્યા. ત્યાં ૯-૩૦ કલાકે પ્રવચન થયું. રૂ.૫૦ ની પ્રભાવના થઈ. ત્યાં આખો દિવસ સ્થિરતા થઈ. ઘણા વખતથી હીરાચંદજી ચુનીલાલજી સંઘવીની વિનંતિ હોવાથી તેમને ત્યાં સોમવારે સામૈયા સહ પધાર્યા. ત્યાં પ્રવચન - પ્રભાવનાદિ થયેલ. સાથે બાજુમાં જ છગનલાલજી વીરચંદજી સંઘવીને ત્યાં ગૃહજિનાલયમાં દર્શન કરી માંગલિક સંભળાવ્યું. ૨૦ રૂ. ની પ્રભાવના થઈ. સાંજે ૪-૦૦ કલાકે હાઈડપાર્કની સાગ્રહ વિનંતી હોવાથી સામૈયા સાથે ત્યાં પધાર્યા. માંગલિક સંભળાવ્યું. રાત્રે માત્ર ભાઈઓ માટે પ્રવચન થયું. મંગળવારે સવારે પણ ૬-૩૦ થી ૭-૪૦ પ્રવચન આપી પૂજ્યશ્રી ભવાની પેઠ - ટીંબર માર્કેટ પધાર્યા. ત્યાં પણ પ્રવચન થયેલ.



વિ.સં. ૨૦૭૪ ના ટીંબર માર્કેટના ચાતુર્માસમાં પૂ. આચાર્યભગવંતની નિશ્રામાં ચાતુર્માસ દરમિયાન શ્રમણી ભગવંતોએ કરેલી અનુમોદનીય તપશ્ચર્યાની યાદી.

પૂ.સા.શ્રી ભવ્યરત્નાશ્રીજી મ. વર્ધમાનતપની ૧૦૦ +૨૮+૨૯ મી ઓળી
પૂ.સા.શ્રી બોધિરત્નાશ્રીજી મ. વર્ધમાનતપની ૬૯ મી ઓળી
પૂ.સા.શ્રી દિવ્યદર્શનાશ્રીજી મ. લઘુપંચમી, કંઠાભરણ, લઘુ અષ્ટાહ્નિક તપ
પૂ.સા.શ્રી હિતરસાશ્રીજી મ. વર્ષીતપ (ચાલુ)
પૂ.સા.શ્રી આગમરત્નાશ્રીજી મ. એકાંતર ૫૦૦ આયંબિલ (ચાલું)
પૂ.સા.શ્રી જિનરસાશ્રીજી મ. ૯૨ મી ઓળી
પૂ.સા.શ્રી વિરાગરસાશ્રીજી મ. વર્ષીતપ (ચાલુ)
પૂ.સા.શ્રી પ્રશમરત્નાશ્રીજી મ. ૫૨મી ઓળી
પૂ.સા.શ્રી સિદ્ધિરસાશ્રીજી મ. ૨૯ મી ઓળી
પૂ.સા.શ્રી કર્મજિતાશ્રીજી મ. ૪૩-૪૪-૪૫ મી ઓળી
પૂ.સા.શ્રી પ્રિયરત્નાશ્રીજી મ. ૯-૧૦-૧૧ મી ઓળી
પૂ.સા.શ્રી ઋજુરત્નાશ્રીજી મ. શ્રેણીતપ
પૂ.સા.શ્રી ચારિત્રરસાશ્રીજી મ. ૭૦-૭૧ મી ઓળી
પૂ.સા.શ્રી પુણ્યરસાશ્રીજી મ. ૮૫+૮૬ મી ઓળી
પૂ.સા.શ્રી પાર્શ્વરત્નાશ્રીજી મ. ૪૨+૪૩+૪૪ સળંગ ઓળી
પૂ.સા.શ્રી કારુણ્યરસાશ્રીજી મ. ૪૦+૪૧ મી ઓળી
પૂ.સા.શ્રી મૈત્રીપ્રિયાશ્રીજી મ. ૩૬-૩૭-૩૮ મી ઓળી
પૂ.સા.શ્રી પાવનરસાશ્રીજી મ. ૨૨-૨૩ મી ઓળી
પૂ.સા.શ્રી વિરતિરસાશ્રીજી મ. ૪૩-૪૪ મી ઓળી
પૂ.સા.શ્રી નમ્રરત્નાશ્રીજી મ. ૩૫મી ઓળી, ૨૦ સ્થાનક ચાલુ
પૂ.સા.શ્રી અરિહંતરત્નાશ્રીજી મ. ૩૦-૩૧ મી ઓળી, ૨૦ સ્થાનક ચાલું.

ધ

# પાંચ નિયમો

**अक्रोधो गुरुशुश्रूषा, शौचमाहारलाधवम् ।**

**अप्रमादश्च पञ्चैते, नियमाः परिकीर्तिताः ।।**

અક્રોધ (ક્ષમા), ગુરુશુશ્રૂષા, શૌચ (પવિત્રતા), અલ્પાહાર અને અપ્રમાદ (અસાવધાનીરૂપ પ્રમાદનો ત્યાગ = અપ્રમત્તતા): આ પાંચ નિયમો છે. **- અધ્યાત્મસાર.**